# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-07-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રાજ્ય સરકાર દ્વારા વધારાની ખાંડ અને ખાદ્ય તેલનું વિતરણ

રાજ્ય સરકારે આગામી તહેવારોમાં અંત્યોદય અને BPL પરિવારોને વધારાની ખાંડ અને ખાદ્ય તેલનું રાહત દરે વિતરણ કરવાનો નિર્ણય કર્યો છે.

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ આ અંગે વધુ વિગતો આપતાં કહ્યું કે, રાજ્ય સરકાર દ્વારા ખાસ કરીને જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે અંત્યોદય અને BPL કુટુંબોને ગુણવત્તાયુક્ત ખાદ્ય તેલ-ડબલ ફિલ્ટર્ડ સીંગતેલનું કાર્ડદીઠ ૧ લિટરનું પાઉચ ૧૦૦ રૂપિયાના રાહત દરે અપાશે.

આ ઉપરાંત બી.પી.એલ અને અંત્યોદય કુટુંબોને મળવાપાત્ર જથ્થા ઉપરાંત વધારાની ૧ કિ.ગ્રા. ખાંડ પણ રાહત દરે અપાશે.

અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી ભિખુસિંહ પરમારે જણાવ્યુ હતું કે, અંત્યોદય તથા અગ્રતા ધરાવતા દરેક કુટુંબોને કાર્ડ દીઠ ચણા ૧ કિ.ગ્રા.ના ૩૦ રૂપિયા તથા તુવેરદાળ કાર્ડદીઠ ૧ કિ.ગ્રા.ના ૫૦ રૂપિયાના રાહત દરે વિતરણ કરવામાં આવશે. આ સાથે લાભાર્થી કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. મીઠું ૧ રૂપિયાના દરે આપવામાં આવશે.

------------------------------------------------------------------------------------------

## ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી : શિણાય ખાતેખો કાર્યક્રમ

ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીધામના શિણાય ખાતેથી ૧૯ કરોડ ૮૨ લાખ રૂ. થી વધુના પોલીસ પરિવાર અને નાગરિક સુરક્ષા-સુવિધાલક્ષી વિવિધ માળખાકીય વિકાસકામોનું ખાતમૂહુર્ત અને લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે કચ્છ પોલીસની ધાક બેસાડતી કાયદાકીય કાર્યવાહી અને ગૌસેવા, શિક્ષણ વગેરે જેવા સામાજિક કાર્યોને ગૃહ રાજ્યમંત્રીએ બિરદાવ્યા હતા.

સરહદી સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનું સમાધાન ક્યારેય પણ ના કરી શકાય એ વાતને સ્પષ્ટ કરતા શ્રી સંઘવીએ ઉમેર્યું કે, કચ્છના સરહદી વિસ્તારોમાં હાજીપીર, ધોરડો અને બાલાસર ખાતે પોલીસ સ્ટેશન કાર્યરત થવાથી રાષ્ટ્રીય સુરક્ષા સુદ્રઢ થવાની સાથે કાયદો અને વ્યવસ્થાની જાળવણી વધુ મજબૂત બનશે. તેમજ કાયદાને લગતી જનસુવિધાઓમાં વધારો થશે.

ડ્રગ્સના દૂષણને નાથવા માટે થઇ રહેલી કામગીરીની વાત કરતા તેમણે જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડો રૂપિયાની કિંમતના ડ્રગ્સને કચ્છ સરહદથી ઘુસાડીને રાજ્યના યુવાનોને બરબાદ કરવાના પ્રયાસોને કચ્છ પોલીસે નિષ્ફળ બનાવ્યા છે. પોલીસે માત્ર ગુજરાત જ નહીં પણ આંતરરાજ્ય ડ્રગ્સ રેકેટને ઝડપવામાં સફળતા મેળવી છે.

આ ઉપરાંત, ગૃહ રાજ્યમંત્રીએ વ્યાજખોરોના દૂષણને ડામવા માટે ગુજસીટોક સહિતની કામગીરીને સમગ્ર રાષ્ટ્ર માટે ઉદાહરણરૂપ ગણાવીને પૂર્વ કચ્છ પોલીસને અભિનંદન પાઠવ્યા હતા. કોઈપણ વ્યક્તિ વ્યાજના દૂષણમાંથી મુક્ત થવા ઈચ્છતી હોય તો ભય વિના પોલીસનો સંપર્ક કરે તેમ તેમણે અનુરોધ કર્યો હતો.

શ્રી સંઘવીએ શિણાય પોલીસ હેડ ક્વાટર્સ ખાતે પોલીસ પરિવાર તેમજ શ્રેષ્ઠીઓના સહકારથી સંચાલિત ગૌશાળાને ખુલ્લી મુકી હતી. કચ્છ રેન્જની બનાસકાંઠામાં ગૌશાળાની જમીન ઉપરના દબાણો દૂર કરવાની ત્વરિત કાર્યવાહીને ગૃહ રાજ્યમંત્રીએ બિરદાવી હતી.

---

## ગૃહ રાજ્યમંત્રીના હસ્તે ખાતમુહૂર્ત અને લોકાર્પણ થયેલ કાર્યો

ગૃહ રાજ્યમંત્રીના હસ્તે ખાતમૂહુર્ત અને લોકાર્પણ થયેલા વિકાસકામોમાં ૨૭૪ કરોડ ૧૧ લાખના ખર્ચે બાલાસર પોલીસ સ્ટેશનનું લોકાર્પણ, શિણાય પોલીસ હેડ ક્વાટર્સ ખાતે અદ્યતન સુવિધાઓ સાથેની લાયબ્રેરીનું લોકાર્પણ, ૪૫ લાખ રૂ.ના ખર્ચે બનનાર ગાંધીધામ અને આદિપુર સિટી ટ્રાફિક ઓફિસનું ખાતમૂહુર્ત, ૫૮૨ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલા મરીન પોલીસ અધિક્ષકની કચેરી અને ક્વાર્ટર ગાર્ડ બિલ્ડીંગનું લોકાર્પણ, રાજ્ય સરકાર દ્વારા નવા મંજૂર થયેલા ધોરડો અને હાજીપીર પોલીસ સ્ટેશનનું લોકાર્પણ તથા મુન્દ્રા અને મરીન ટાસ્કના ૨૪૦ પોલીસ આવાસનું લોકાર્પણનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે પશ્ચિમ કચ્છ પોલીસ તેમજ પૂર્વ કચ્છ પોલીસ વિભાગમાં શ્રેષ્ઠ કામગીરી કરનારા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓનું પ્રશસ્તિ પત્ર દ્વારા સન્માન કરાયું હતું. આ ઉપરાંત, પોલીસ પરિવારના તેજસ્વી બાળકોને વિશિષ્ટ શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ ગૃહ રાજ્યમંત્રીના હસ્તે સન્માનિત કરાયા હતા.

------------------------------------------------------------------------------------------------

## ભાઉ તાલુકાના લાકડિયા ખાતે 875 કરોડ માદક પદાર્થના જંગી જથ્થાનો નાશ

ગૃહ રાજ્યમંત્રીની ઉપસ્થિતિમાં ભચાઉ તાલુકાના લાકડિયા ખાતે ૮૭૫ કરોડ રૂ. ના નાર્કોટિક્સના જંગી જથ્થાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નાશ કરાયો હતો.

રાજ્યકક્ષાની ઉચ્ચ સ્તરીય ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટી અને પોલીસ સ્થાનિક ડ્રગ્સ ડિસ્પોઝલ કમિટી દ્વારા પૂર્વ કચ્છ ના ૧૧ કેસ, પશ્ચિમ કચ્છ ના ૧૬ કેસ અને મોરબી જિલ્લાનો ૧ કેસ મળીને NDPS એક્ટ હેઠળ કુલ ૨૮ કેસમાં જપ્ત કરેલા ૮૭૫ કરોડ રૂ. ની કિંમતના ૩૯૧.૬૨૫ કિલો અને ૮૯૮૬ લીટર માદક પદાર્થનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નાશ કરવામાં આવ્યો હતો. નષ્ટ કરાયેલ માદક પદાર્થોમાં કોકેઈન, ચરસ (હશીશ), કોડીનયુક્ત સિરપ ઉપરાંત, ગાંજો, મેફેડ્રોન, પોષડોડા, વગેરેનો સમાવેશ થાય છે.

------------------------------------------------------------------------------------------------

## ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી : લોકદરબાર

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આજે કચ્છ જિલ્લાના પ્રવાસ દરમિયાન લોકદરબારનુ આયોજન કર્યું હતું અને અરજદારોને રૂબરૂ મળી તેમની રજૂઆતો અને સમસ્યાઓ સાંભળી હતી.

તેમણે અરજદારોની સમસ્યાઓના તાત્કાલિક નિરાકરણ માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓને કડક સૂચનાઓ પણ આપી હતી.

---------------------------------------------------------------------------------------

## સરકારી માધ્યમિક શાળાઓને 419 નવા શિક્ષક ભરતી

જિલ્લાની સરકારી માધ્યમિક શાળાઓને આજે ૪૧૯ નવા શિક્ષક મળ્યા છે, જેમને આજે જિલ્લા મથક ભુજમાં ઓલ્ફ્રેડ હાઈસ્કૂલ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં નિમણુક હુકમ આપવામાં આવ્યા હતા.

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ પ્રેરીત અને કમિશ્નર શાળાઓની કચેરી ગાંધીનગર તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ભુજ દ્વારા આ કાર્યકમમાં જિલ્લાના અધિકારીઓ અને પદાધિકારીઓના હસ્તે આ નવનિયુક્ત શિક્ષકોને નિમણૂક હુકમો અપાયા હતા. જિલ્લામાં શિક્ષકોની ઘટ પુરવા માટે સરકાર કટિબદ્ધ છે અને આગામી સમયમાં પણ ખુટતા શિક્ષકો કચ્છને આપવામાં આવશે તેમ ઉપસ્થિત આગેવાનોએ ઉદબોધનમાં જણાવ્યું હતું. આ ભરતી બાદ પણ જો શાળાઓમાં જગ્યા ખાલી રહેશે તો પ્રતિક્ષા યાદીમાં રહેલા ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. ૪ તબક્કામાં કચ્છને ૮૫૦થી વધારે શિક્ષકો મળતાં શિક્ષણની ગુણવતા વધશે તેવો આશાવાદ વ્યક્ત કરાયો હતો.

---------------------------------------------------------------------------------------

## આવતીકાલથી શ્રાવણ માસનો પ્રારંભ

આવતીકાલથી પવિત્ર શ્રાવણમાસનો પ્રારંભ થઇ રહ્યો છે. શ્રાવણની શરૂઆત સાથે જ મેળાઓ પણ શરૂ થઇ રહ્યા છે. આજે અમાસના દિવસે ભુજ તાલુકાના કુકમા પાસે ખાત્રોડ ડુંગર પર પેડી, હવન સહિતના ઉત્સવો સાથે શ્રાવણી મેળો શરૂ થયો હતો.

---------------------------------------------------------------------------------------